UK Health Security Agency

NHS

# રસીઓ અને પોર્સિન જીલેટીન

## આ પત્રિકા વર્ણવે છે કે રસીઓમાં પોર્સિન જિલેટીન કેવી રીતે અને કેમ વપરાય છે

અમુક રસીઓમાં ડુક્કરનું માંસના ઘટકોના મુદ્દાએ કેટલાક જૂથો વચ્ચે ચિંતા ઉભી કરી છે.

આ પત્રિકા તે રસીઓ વિશે માહિતી પૂરી પાડવા માટે વિકસાવવામાં આવી છે જે આ ઉત્પાદન ધરાવે છે અને એના વિકલ્પો ઉપલબ્ધ હોઈ શકે છે.

### જીલેટીન એટલે શું?

જીલેટીનએ મરઘા, ઢોર, ડુક્કર અને માછલી જેવા પ્રાણીઓના કોલેજનમાંથી મેળવાતો પદાર્થ છે. કોલાજેન કંડરા, અસ્થિબંધન, હાડકાં અને કોમલાસ્થિમાં જોવા મળે છે. પોર્સિન જીલેટીન ડુક્કરના કોલેજનમાંથી મળે છે. દવાઓના ઉપયોગ માટેના જીલેટીનનાં તમામ સ્વરૂપો કડક સ્વચ્છતા અને સલામતીનાં નિયમો હેઠળ બનાવવામાં આવે છે.

### પોર્સીન જીલેટીન શા માટે રસીઓમાં વપરાય છે?

જીલેટીનનો ઉપયોગ ઘણી કેપ્સ્યુલ્સ અને કેટલીક રસીનો સમાવેશ કરતી દવાઓની વિશાળ શ્રેણીમાં થાય છે. પોર્સીન જીલેટીનનો ઉપયોગ રસીઓમાં સ્ટેબિલાઇઝર તરીકે થાય છે - તેની ખાતરી કરવા માટે કે સંગ્રહ દરમિયાન રસી સલામત અને અસરકારક રહે. રસી ઉત્પાદકો સામાન્ય રીતે સ્ટેબિલાઇઝર્સની વિશાળ શ્રેણીનું પરીક્ષણ કરે છે અને તે એકને પસંદ કરે છે જે સ્થિર, સારી ગુણવત્તાવાળી અને પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોય. ખોરાકમાં ઉપયોગમાં લેવામાં આવતા જીલેટીનથી વિપરીત, રસીમાં વપરાયેલ ઉત્પાદન ખૂબ જ શુદ્ધ થાય છે અને પેપ્ટાઇડ્સ તરીકે ઓળખાતા ખૂબ જ નાના અણુઓમાં વિભાજિત કરવામાં આવે છે.

### શા માટે રસી અન્ય સ્ટેબિલાઇઝર્સ અથવા અન્ય પ્રકારના જીલેટીનથી બનાવી શકાતી નથી?

એક રસી વિકસાવવા માટે તે સલામત અને અસરકારક બંને છે તેની ખાતરી કરવા માટે ઘણા વર્ષોના પ્રયોગશાળાના પરીક્ષણો અને તબીબી અધ્યયન કરવામાં આવે છે. ઉત્પાદકે રસી માટે સ્ટેબિલાઇઝર પસંદ કર્યા પછી, આમાં કોઈપણ ફેરફાર માટે રસીની સલામતી અને અસરકારકતાને અસર ન થાય તે બતાવવા માટે વ્યાપક પ્રયોગશાળા અને તબીબી અધ્યયનની જરૂર પડી શકે છે. આને કારણે, કોઈ અલગ સ્ટેબિલાઇઝર સાથે નવી સલામત અને અસરકારક રસી વિકસાવવામાં કેટલાક વર્ષોનો સમય લાગી શકે છે અથવા ક્યારેય બન શકતી નથી.

### કઈ રસીઓમાં પોર્સીન જીલેટીન હોય છે?

યુ.કે.ના નિયમિત રોગ-પ્રતિરક્ષણ કાર્યક્રમમાં, ત્રણ રસીઓ છે જે પોર્સીન જિલેટીન ધરાવે છે:

- ફ્લૂએન્ઝ® ટેટ્રા, નાકના સ્પ્રે મારફતે અપાતી રસી જે બાળકોનું ફ્લૂ સામે રક્ષણ કરે છે
- એમએમઆર વેક્સપ્રો®, એક એવી રસી જે ઓરી, ગાલપચોળિયા અને રૂબેલા સામે રક્ષણ આપે છે
- ઝૉસ્ટાવેક્સ®, તે રસી કે જે વૃદ્ધ પુખ્ત વયના લોકોને દાદર સામે રક્ષણ આપે છે.

## વિશ્વાસ સમુદાયોનો મત શું છે?

પબ્લિક હેલ્થ ઇંગ્લેંડ (પીએચઇ)એ કશ્રુત અને દવાઓની માહિતી સેવા સાથે સલાહ લીધી છે, જેમણે કહ્યું:

'આ નોંધ લેવું જોઇએ કે યહૂદી કાયદા અનુસાર, ઉત્પાદનો કે જેને મો દ્વારા લેવામાં નથી આવતી તેમાં પોર્સીન અથવા અન્ય પ્રાણીમાંથી ઉત્પન્ન ઘટકો સાથે કોઈ સમસ્યા નથી. આમાં નાકથી, ઇન્જેક્શનો, સપોઝિટરીઝો, ક્રિમો અને મલમ દ્વારા આપવામાં આવેલ રસીનો સમાવેશ થાય છે.'

જો કે, પીએચઇ સ્વીકારે છે કે બ્રિટીશ મુસ્લિમ અને યહૂદી સમુદાયોમાં વિવિધતા છે અને તેઓ અને કેટલાક અન્ય જૂથો, કોઈપણ પોર્સીન ઉત્પાદનવાળી દવાઓ અને રસીને પ્રતિબંધિત માની શકે છે. આ સંજોગોમાં, સંભવ છે કે વ્યક્તિ ઘણાં ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોને સ્વીકારવામાં અસમર્થ હશે જ્યાં સુધી ત્યાં કોઈ યોગ્ય વિકલ્પ ન હોય અને/અથવા તે ઉત્પાદનને જીવન બચાવવાવાળા માનવામાં આવે નહીં.

## શું આ રસીઓ માટે કોઈ યોગ્ય વિકલ્પ છે?

- **એમએમઆર:** યુ.કે.માં એમએમઆરની બે પ્રકારની રસીઓ છે – એમએમઆર વેક્સપ્રો® અને પ્રાયોરિક્સ®. પ્રાયોરિક્સ® માં જીલેટીન શામેલ નથી અને તે એમએમઆર વેક્સપ્રો® જેટલી સલામત અને અસરકારક છે.
- **શિંગલ્સ:** ઝોસ્ટાવેક્સ® એ શિંગલ્સ માટે હાલમાં યુ.કે.માં ઉપલબ્ધ એકમાત્ર રસી છે.
- **ફ્લૂએન્ઝ® ટેટ્રા:** તંદુરસ્ત બાળકો માટે, હાલમાં તેની બરોબરીની બીજી કોઈ રસી નથી. ઈન્જેક્શન મારફતે આપી શકાય એવી ફ્લૂ રસીઓ છે જેમાં ડુક્કરનું જીલેટીન નથી, પરંતુ તે બાળકોમાં ફ્લુએન્ઝ® ટેટ્રા કરતા ઓછી અસરકારક હોવાની અપેક્ષા છે. તેઓ સમુદાયમાં ફ્લૂનો ફેલાવો ઘટાડવામાં પણ ઓછું કામ કરી શકે છે.

આ રસીઓની માત્ર કાર્યક્રમના ભાગ રૂપે બાળકો અને પુખ્ત વયના લોકો માટે ભલામણ કરવામાં આવે છે કે જેમને ફ્લૂની જટિલતાઓનુ વધારે જોખમ હોય છે.

## જો લોકો પોતાના અથવા તેમના બાળકો માટે પોર્સીન જીલેટીન ધરાવતી રસીઓ ન લેવા માંગતા હોય તો શું?

રસી લેવી કે નહીં, અથવા તમારા બાળકને રસી આપવી તે વિશેનો આખરી નિર્ણય તમારો હોય છે. માહિતીસભર નિર્ણય લેવા માટે તમે પોતે અથવા તમારા બાળકને રસી અપાવવાના ફાયદા અને ગેરફાયદા વિશેના પુરાવાઓનો વિચાર કરી શકો છો.

જે માતાપિતાએ તેમના બાળકોને પોર્સીન જીલેટીન ધરાવતી એમએમઆર રસી ન આપવાની ઇચ્છા રાખતા હોય તેઓએ તેમના જી.પી.માંથી પ્રાયોરિક્સ® રસી માટે વિનંતી કરવી જોઈએ. બે ડોઝનો સંપૂર્ણ કોર્સ ઓરી, ગાલપચોળિયાં અને રૂબેલા સામે રક્ષણ પૂરું પાડશે. કૃપા કરીને એ નોંધ લેશો કે પ્રેક્ટિસે આ ઉત્પાદન ખાસ ઓર્ડર કરીને મંગાવવું પડે એવું બને, આથી અપોઈન્ટમેન્ટ પહેલાં તેમને તમારાં મંતવ્યો જણાવી દેવાનું મદદરૂપ રહેશે.

જો અંતર્ગત આરોગ્યની અવસ્થાને લીધે તમારા બાળકને ફ્લૂનું વધારે જોખમ હોય તો, અનુનાસિક રસીને શ્રેષ્ઠ વિકલ્પ માનવામાં આવે છે. જો તેઓ અનુનાસિક સ્પ્રે ન લેવાનું પસંદ કરે અથવા તબીબી કારણોસર એવું ન થઈ શકે, તો પછી ઇન્જેક્શન દ્વારા તેમણે ફ્લૂ રસી લેવી જોઈએ. પુખ્ત વયના લોકો માટે ફ્લૂના વધારે જોખમ હોય છે, ઇન્જેક્ટેબલ રસી પણ આપવી જોઈએ. જો તમારા બાળક પર ફ્લૂનું બહુ મોટું જોખમ ન હોય, અને તબીબી ઉત્પાદનોમાં ડુક્કરના જીલેટિનો સ્વીકાર ન કરતાં હો, તો તમારા વિકલ્પો વિશે તમારે તમારા નર્સ કે ડોક્ટર સાથે વાત કરવી જોઈએ.

શિંગલ્સ સામે રક્ષણ મેળવવા માગતાં વૃદ્ધ લોકો માટે હાલમાં ઝોસ્ટાવેક્સ® સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

**જો તમને રસીકરણ વિશે તમારા નિર્ણયો લેતા પહેલા વધુ માહિતી લેવાની ઇચ્છા હોય, તો તમે તમારા ડોક્ટર અથવા પ્રેક્ટિસ નર્સ સાથે વાત કરી શકો છો. જો તમને આ રસી અસરકારક રીતે રોકે તેવા રોગોનું વધારે જોખમ હોય તો આ ખાસ કરીને અગત્યનું છે.**

© Crown copyright 2020. પબ્લિક હેલ્થ ઇંગ્લેન્ડ દ્વારા સૌથી પહેલા ઓગસ્ટ 2015માં પીડીએફ તરીકે પ્રકાશિત કરેલ. પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડ ગેટવે નંબર 2022475. પ્રોડક્ટ કોડ: 2020301A 1P OCT 2020 (APS). આરોગ્યને લગતાં પ્રકાશનો માટેની લિન્ક: www.healthpublications.gov.uk/Home.html અને પત્રિકાઓ, પોસ્ટરો તેમજ સંસાધનોની કાગળ પરની નકલો મંગાવવા માટે રજિસ્ટર થાવ. માત્ર ડિજિટલ સ્વરૂપનાં જ હોય તેવાં પણ અનેક સંસાધનો મળી શકે છે, ભાષાંતરો સહિત, જે તમે હમણાં ડાઉનલોડ કરી શકો છો.